પતિ-પત્નીનાં સહજીવનની સફળતાનો મુખ્ય આધાર 'આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ' છે
- ફાધર વાલેસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૬ ૫ ઓગષ્ટ, ૨૦૧૩, સોમવાર; અષાઢ વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર બી.બી.એ. કોલેજમાં વ્યક્તિત્વ વિકાસ અંગે સેમિનાર યોજાયો

બી.બી.એ. કોલેજ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓના ગોલ સેટીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વિષય ઉપર વર્કશોપનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને હકારાત્મક શકિતનો જીવનમાં વિનિયોગ કરી સફળ થવાના કારણો જાણ્યા હતા.

ગોલ સેટીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વિષય પરના વર્કશોપમાં વિદ્યાર્થીઓને તેમના જીવનમાં ધ્યેય સિદ્ધિ માટે ચિરાગ પટેલે પ્રોત્સાહિત કર્યા હતા. ત્રણ ભાગમાં વહેંચાયેલા કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ચિરાગ પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, મેનેજર અને લેન્ડમાર્ક વર્લ્ડ વાઇડ સાથે જોડાયેલા સજ્જનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા નિશાંત ઠક્કર અને ડૉ. રમાકાન્ત પૃષ્ટીએ જરુરી માર્ગદર્શન આપી કાર્યભાર સંભાળ્યો હતો.